ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૫.૧૧.૨૦૧૭

-------------------

**ગુજરાતના યુવાનોને ગુમરાહ કરવાનું રાહુલ ગાંધી બંધ કરે - શ્રી અમિતભાઇ શાહ**

-------------------

**ગુજરાતમાં રોજગારીની વાતો કરનાર રાહુલ ગાંધી પેહલા અમેઠીના યુવાનોને રોજગારી આપે.**
**અમેઠીના હજ્જારો યુવાનો ગુજરાતમાં નોકરી-ધંધો કરી રહયા છે.**

-------------------

**નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના શક્તિકેન્દ્રના પ્રમુખોને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે ચૂંટણીલક્ષી વિજયી માર્ગદર્શન આપ્યું**

-------------------

આગામી વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીના અનુસંધાને રાજ્યભરના કાર્યકર્તાઓને ચૂંટણીલક્ષી વિજયી માર્ગદર્શન આપવા માટે ગત તારીખ ચોથી નવેમ્બરથી ઝંઝાવતી પ્રવાસની શરૂઆત કરનાર માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ આજરોજ નવસારી ટાટાહોલ ખાતે નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

નવસારી ટાટાહોલ ખાતે ઉપસ્થિત ત્રણેય જિલ્લાના પ્રમુખ, મહામંત્રી, સંગઠનના પધાધિકારીઓ, મંડળના પ્રમુખ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો, બોર્ડ અને નિગમના ચેરમેન, વાઇસ ચેરમેન અને શક્તિકેન્દ્રના પ્રમુખોને માર્ગદર્શન આપતાં માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે જણાવ્યું કે મારી સામે અનુભવી કાર્યકર્તાઓને ફૌજ બેઠી છે. એમને હું શું માર્ગદર્શન આપું ? ભા. જ.પા નો કાર્યકર્તાએ ઘડાયેલો કાર્યકર્તા છે. સમર્પિત કાર્યકર્તા છે. ભારતીય જનતા પાર્ટીએ કેડર બેઝ પાર્ટી છે. દેવદુર્લભ કાર્યકર્તાઓ આ પાર્ટીનો આત્મા છે. ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી મોટી પાર્ટી છે. પાર્ટીની જીત કોઈ નેતાના કારણે નહીં પરંતુ કાર્યકર્તાઓને આભારી છે ત્યારે ભા. જ.પા ની જીત નિશ્ચિત છે પરંતુ આપણાં માટે જીત એટલે ૧૫૦+ બેઠક અને ભા. જ. પા નો કાર્યકર્તા આ મૂડ સાથે ચૂંટણીના મેદાનમાં ઉતરવાનો છે. ૧૫૦+ બેઠક સાથે ભવ્ય વિજયી મેળવીને કૉંગ્રેસને જડમૂળમાંથી ઉખેડીને ફેંકી દેવા માટેની આ ચૂંટણી છે.

કૉંગ્રેસ અને કૉંગ્રેસી નેતાઓ ઉપર આકરા પ્રહારો કરતાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે જણાવ્યું કે કૉંગ્રેસએ વિચિત્ર પાર્ટી છે. સામાન્ય રીતે પાર્ટી જીતે તો નેતાનું કદ મોટું થતું હોય છે અને હારે તો નેતાનું કદ નાનું થતું હોય છે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ ૨૦૧૪ પછી ૧૮-૧૮ ચૂંટણીઓ હારી ગઈ પરંતુ રાહુલ ગાંધીનું મમત્વ આ કૉંગ્રેસીઓથી છૂટતું જ નથી.

ગુજરાતના યુવાનોને ગેરમાર્ગે દોરનાર રાહુલ ગાંધીને ચીમકી ઉચ્ચારતાં વધુમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે જણાવ્યું કે, રાહુલ ગાંધી ગુજરાતના યુવાનોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે. રોજગારીની વાતો કરનાર રાહુલ ગાંધી પહેલાં અમેઠીના યુવાનોની ચિંતા કરે. ગાંધી પરિવારનું જે સંસદીય ક્ષેત્ર રહ્યું છે તે અમેઠીના યુવાનો નોકરી ધંધા રોજગાર અર્થે ગુજરાતમાં આવે છે. અમેઠીના યુવાનોને ગુજરાત રોજગારી પુરી પાડી રહ્યું છે. ગુજરાતના વિકાસની વાતો કરનાર રાહુલ ગાંધીનો પરિવાર ૬૦ વર્ષમાં પોતાના સંસદીય ક્ષેત્રમાં કલેકટર ઓફિસ, પબ્લિક હેલ્થ સેન્ટર પણ ન બનાવી શક્યા અને હવે ગુજરાતના વિકાસની ઠેકડી ઉડાડે છે. બકરાને કૂતરું કરવા નિકળેલી કૉંગ્રેસને ગુજરાતની જનતા સારી રીતે ઓળખી ગઈ છે.

આપણે એવું કોઈ કામ નથી કર્યું કે આપણું માથું શરમથી ઝૂકી જાય ત્યારે આપણે હકથી પ્રજા પાસે જવું જોઈએ અને ૧૯૯૫ થી ૨૦૧૭ સુધીની આપણી વિકાસગાથા પ્રજા સમક્ષ લઈ જવી જોઈએ તેમ અંતમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું.

ગુજરાતના પ્રભારી શ્રી ભુપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજી, પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહજી પરમાર સહિતના મહાનુભવો આજની બેઠકમાં ઉપસ્થિત રહયા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૫.૧૧.૨૦૧૭

---

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહે**
**૭૨ વિધાનસભાનાં શક્તિકેન્દ્રના ઇન્ચાર્જોને બે દિવસમાં માર્ગદર્શન આપ્યું**

---

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે ગુજરાતના પાંચ દિવસીય સંગઠનાત્મક પ્રવાસના પ્રથમ અને બીજા દિવસે ૧૩ જીલ્લા અને બે મહાનગરના ભાજપાના શક્તિકેન્દ્રના ઇન્ચાર્જો અને આગેવાનોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં ૩/૪ બહુમતિ સાથે ભાજપાના વિજય માટે પેજપ્રમુખશ્રી લઇને શક્તિકેન્દ્ર સુધીના કાર્યકરોએ વૈજ્ઞાનિક પધ્ધતિથી કરવાની કામગીરીનું આયોજન હાથ ધરવા કાર્ય યોજના ગોઠવવા જણાવ્યું હતું.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે બે દિવસીય પ્રવાસમાં રાજ્યના ૧૩ જીલ્લા અને બે મહાનગરની કુલ ૭૨ વિધાનસભા બેઠકોના કાર્યકરો સાથે સીધી જ સંગઠનાત્મક ચર્ચા કરી હતી. ૭ નવેમ્બરના રોજ ૨૦ વિધાનસભા ક્ષેત્રોના શક્તિકેન્દ્ર ઇન્ચાર્જો અને કાર્યકરોને તેઓશ્રી માર્ગદર્શન આપશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૫.૧૧.૨૦૧૭

---

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે આજરોજ ગોધરા ખાતે પંચમહાલ અને દાહોદ જિલ્લાના તેમજ હિંમતનગર ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું**

---

**ભારતીય સંસ્કૃતિની વિચારધારા એ ભાજપનું પ્રાણબળ છે. કાર્યકર્તાઓ ભાજપનું ચાલકબળ છે**
**– શ્રી અમિતભાઇ શાહ**

---

**પોતાના મતક્ષેત્રની પ્રજાની અપેક્ષા ન સંતોષી શકનાર ગુજરાતમાં વિકાસના પ્રશ્નો પૂછે છે?**
**– શ્રી અમિતભાઇ શાહ**

---

આગામી વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીના અનુસંધાને રાજ્યભરના કાર્યકર્તાઓને ચૂંટણીલક્ષી વિજયી માર્ગદર્શન આપવા માટે ગત તારીખ ચોથી નવેમ્બરથી ગુજરાતના ઝંઝાવતી પ્રવાસની શરૂઆત કરનાર માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે આજરોજ ગોધરા ખાતે પંચમહાલ અને દાહોદ જિલ્લાના તેમજ હિંમતનગર ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે તેમના માર્ગદર્શીય ઉદબોધનમાં જણાવ્યું હતુ કે, ભારતીય સંસ્કૃતિની વિચારધારા એ ભાજપનું પ્રાણબળ છે. કાર્યકર્તાઓ ભાજપનું ચાલકબળ છે. ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી મોટી પાર્ટી છે. પાર્ટીની જીત કોઈ નેતાના કારણે નહી પરંતુ કાર્યકર્તાઓને આભારી છે ત્યારે ભા. જ.પા ની જીત નિશ્ચિત છે પરંતુ આપણાં માટે જીત એટલે ૧૫૦+ બેઠક અને ભા.જ.પાનો કાર્યકર્તા આ મૂડ સાથે ચૂંટણીના મેદાનમાં ઉતરવાનો છે. ૧૫૦+ બેઠક સાથે ભવ્ય વિજયી મેળવીને કોંગ્રેસને જડમૂળમાંથી ઉખેડીને ફેંકી દેવા માટેની આ ચૂંટણી છે. ૬૦ વર્ષમાં દેશમાં નક્કર કાર્યો ન કરનારી, દેશની પ્રગતિને રૂંધનારી કોંગ્રેસ વિકાસના ગ્રોથ એન્જિન ગુજરાતમાં આવી ‘‘વિકાસના પ્રશ્નો પૂછે છે’’ ત્યારે ગુજરાતની જનતા કોંગ્રેસના ઉપાધ્યક્ષને સ્વાભાવિક પ્રશ્ન પૂછે છે કે તમે ૬૦ વર્ષમાં શું કર્યુ ?

પોતાના પરિવારની પરંપરાગત લોકસભાની ઉત્તરપ્રદેશ રાજ્યની અમેઠી અને રાયબરેલી બેઠકોના પ્રજાજનોને વિકાસથી વંચિત રાખ્યા તેનો જવાબ તમારી પાસે છે ? તાજેતરમાં જ અમેઠીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કલેકટર કચેરીનું ખાતમુર્હુત મેં કર્યુ છે. પોતાના મતક્ષેત્રની પ્રજાની અપેક્ષા ન સંતોષી શકનાર ગુજરાતમાં વિકાસના પ્રશ્નો પૂછે છે?

કોંગ્રેસના શાસનમાં ૧૯૯૫ પહેલા ગુજરાતની જે સ્થિતિ હતી અને ૧૯૯૫ બાદ ગુજરાતમાં થયેલી પ્રગતિની સીલસાલાબંધ વિગતો આપતાં શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતુ કે, ગુજરાતે ભાજપાના શાસનમાં વિકાસના ક્ષેત્રે હરણફાળ સિધ્ધિ હાંસલ કરી છે.

બૃહદ બેઠકોમાં રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવ, પ્રદેશ આગેવાનશ્રીઓ, વિવિધ જિલ્લાનાં પ્રભારીશ્રીઓ/પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, મંડલના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, બોર્ડ નિગમના ચેરમેનશ્રીઓ, નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચુંટાયેલી પાંખ તેમજ શકિત કેન્દ્રના ઇન્ચાર્જશ્રીઓ તથા કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૦૫.૧૧.૨૦૧૭

---

## પાયાવિહીન આક્ષેપોથી કારડીયા રાજપુત સમાજ ગેરમાર્ગે ન દોરાય તેવી વિનંતી.
## – શ્રી આઇ.કે.જાડેજા

---

ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રવક્તાશ્રી આઇ.કે.જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટી ‘‘સૌનો સાથ, સૌનો વિકાસ’’ મંત્ર સાથે રાજ્ય અને રાષ્ટ્રમાં કાર્યરત છે ત્યારે રાજકિય બદ ઇરાદા સાથે ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી સામે જે પાયાવિહીન આક્ષેપો કરવામાં આવે છે તેનાથી કારડીયા રાજપુત સમાજ ગેરમાર્ગે ન દોરાય તેવી વિનંતી.

તેઓશ્રીએ આ અંગે વિગતોમાં જણાવ્યું છે કે કારડીયા રાજપુત સમાજના ગુજરાતના પ્રમુખ અને રાજ્ય સરકારના મંત્રી શ્રી જશાભાઇ બારડે સમાજમાં આ અંગે સાચી હકીકતો સમજી, જાણી અને તપાસીને રજુ કરી છે, ત્યારે સતત આ મુદ્દાને વધુને વધુ રાજકિય હેતુથી ચગાવવાનો પ્રયાસ કરાઇ રહ્યો છે તે દુ:ખદ છે.

તેઓશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, બુંધેલ ગામના શ્રી વિજયભાઇ ગવાભાઇ મોરીની તા.૦૧/૦૭/૨૦૧૫ની તાલુકા વિકાસ અધિકારીની તાલુકા પંચાયત કચેરી, ભાવનગર ખાતે કરવામાં આવેલી જમીન પરના દબાણની અરજીના અનુસંધાનમાં સરકારી રાહે થયેલી કામગીરી, સરકારના નિર્ણય સામે ગામબંધ, હાઇવે પર કરવામાં આવેલ ચક્કાજામ સામે પોલિસે કરેલ કેસ, કેસનું કોર્ટમાં ચાલવું અને જવાબદાર સામે પગલાં ભરવામાં આવ્યા છે. આ આખીયે ઘટનામાં ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીનો કોઇ જ સંબંધ નથી.

શ્રી જીતુભાઇ વાઘાણી સામે ગૌચરની જમીનના સંદર્ભની જે વાત ઉછાળવામાં આવે છે તેને અનેકવાર તેઓએ સત્ય હકિકત હોય તો પુરાવા રજુ કરવાની વાત કરેલ છે. ત્યારે આધારવિહિન વાતો ન કરવા અને સમાજને આવી વાતોને બળ ન આપવા પણ શ્રી આઇ.કે.જાડેજાએ અપીલ કરી છે.

શ્રી આઇ.કે.જાડેજાએ પ્રશ્ન ઉપસ્થિત કર્યા હતા કે, કોર્ટનું જજમેન્ટ આવ્યું ત્યાર પછી આ બધા મુદ્દા કેમ ઉપસ્થિત થાય છે ? અંગત ઝગડાઓ સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીને શા માટે જોડવામાં આવે છે ? સત્ય હકીકતોના સંદર્ભમાં સરકાર અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીનું મન ખુલ્લું છે, ત્યારે સમાજને સત્ય હકીકતો જાણવા માટે પણ વિનંતી છે.

આ આખીયે ઘટના લગભગ ૩૦ મહિના પહેલાંની છે. શ્રી જીતુભાઇ વાઘાણીનો આ આખીયે ઘટનામાં સ્નાનસૂતકનો સંબંધ નથી. પોલીસ, કોર્ટ અને આદોલનકારીઓ વચ્ચેનો કાયદો વ્યવસ્થાનો આખોયે મામલો છે. આ મામલાને લગભગ ૩૦ મહિના બાદ અત્યારે ચૂંટણીને ધ્યાનમાં લઇને કોઇ ચોકકસ હેતુઓ સાથે લાવવામાં આવી રહ્યો છે. જેને કારડીયા રાજપુત સમાજ ધ્યાનમાં લે તેવી મારી વિનંતી છે. ભાજપાના પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી જીતુભાઇ વાઘાણી સર્વનો વિકાસ થાય, સર્વની પ્રગતિ થાય અને ‘‘સર્વજન હિતાય, સર્વજન સુખાય’’ ના મંત્રને લઇને જાહેર જીવનમાં કાર્યરત છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ | તા.૦૫.૧૧.૨૦૧૭

---

**૨૦૧૪માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ભાજપા સરકારે દેશનું સુકાન સંભાળ્યા બાદ ગુજરાત માટે "મોસાળે જમણવાર અને માં પીરસનાર" જેવી આદર્શ સ્થિતિનું નિર્માણ થયું છે. - ડૉ. જગદીશ ભાવસાર**

---

**કેન્દ્ર અને ગુજરાતની ભાજપા સરકારો એકસુત્રતા સાથે "સૌનો સાથ, સૌનો વિકાસ" મંત્ર સાથે ગુજરાત અને દેશના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. - ડૉ. જગદીશ ભાવસાર**

---

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડો. જગદીશ ભાવસાર એક અખબારી યાદી જણાવે છે કે, કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા વર્ષો સુધી ગુજરાત અને ગુજરાતીઓને સતત અન્યાય થતો આવ્યો છે. કેન્દ્રમાં જ્યારે જ્યારે કોંગ્રેસની સરકાર આવી છે, ત્યારે ત્યારે ગુજરાતના વિકાને રૂંધવા માટે અનેક અન્યાયો કર્યા છે, પરંતુ ૨૦૧૪માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ભાજપા સરકારે દેશનું સુકાન સંભાળ્યા બાદ ગુજરાત માટે "મોસાળે જમણવાર અને માં પીરસનાર" જેવી આદર્શ સ્થિતિનું નિર્માણ થયું છે. ગુજરાતમાં પણ ભાજપાની સરકાર અને કેન્દ્રમાં પણ ભાજપાની સરકાર એકસુત્રતા સાથે ''સૌનો સાથ, સૌનો વિકાસ'' મંત્ર સાથે ગુજરાત અને દેશના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે.

શ્રી ભાવસારે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ સરકાર વખતે ગુજરાતનાં અનેક પ્રશ્નો બાબતે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા અવાર નવાર કેન્દ્રમાં રજુઆતો કરવામાં આવતી હતી, પરંતુ તેનો કોઇ ઉકેલ આવતો ન હતો. ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઇ દેશનાં પ્રધાનમંત્રી બન્યા બાદ ફક્ત ૧૭ જ દિવસમાં નર્મદા ડેમનાં દરવાજા મુકવાની મંજુરી આપી વર્ષોના પ્રશ્નનો સુખદ ઉકેલ લાવ્યાં. ભૂતકાળમાં કોંગ્રેસ સરકારે પર્યાવરણની મંજૂરીને બહાને રોકી રાખેલા ગુજરાતનાં અનેક પ્રોજેક્ટ્સને પ્રધાનમંત્રીશ્રીએ લીલી ઝંડી આપી છે.

તાજેતરમાં જ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસનું લોકાર્પણ કર્યુ હતું. ઘોઘા અને દહેજ વચ્ચે રોડ માર્ગે ૩૬૫ કિ.મી. નું અંતર છે, તેને બદલે હવે દરિયાઇ માર્ગે તે અંતર ફક્ત ૩૧ કિ.મી. નું થવાથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનાં આર્થિક સંબંધો વધુ મજબૂત બનશે. એશીયાની સૌથી મોટા અંતરની રો-રો ફેરી સર્વિસમાં પ્રથમ તબક્કામાં પેસેન્જર્સ અને બીજા તબક્કામાં વાહનોની પણ અવર જવર શક્ય બનવાથી દેશનું ઈંધણ બચવાની સાથો સાથ વ્યાપારની કાર્યક્ષમતામાં અને સૌરાષ્ટ્રની આર્થિક સુખાકારીમાં વધારો થશે.

શ્રી ભાવસારે વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્રની કોંગ્રેસ સરકારની આડોડાઇને કારણે વર્ષોથી અટકેલાં ગીરનાર રોપ-વે પ્રોજેક્ટને પણ ભાજપાની કેન્દ્ર સરકાર દ્વારા તમામ કાયદાકીય અડચણો દૂર કરાવી લીલી ઝંડી આપી દેવામાં આવી છે, ગીરનાર રોપ-વેનું કાર્ય અત્યારે પુરજોશમાં ચાલુ છે, તેવી જ રીતે ધોલેરા પ્રોજેક્ટ માટેની પણ જરૂરી મંજૂરીઓ કેન્દ્ર સરકાર દ્વારા આપી દેવામાં આવી છે. રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના એરપોર્ટનો પણ હમણાંજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શીલાન્યાસ કર્યો છે. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના જે ગ્રામીણ ગુજરાતના વિકાસ માટેની લાઇફ લાઇન ગણાય છે, તેને વધુ સબળ બનાવવા કેન્દ્ર સરકારના મીનીસ્ટરી ઓફ રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ દ્વારા રૂ. ૪૬૦૦ કરોડની ફાળવણી કરેલ છે. રાજ્યના ૩૧ શહેરોને અમૃત મિશન યોજનામાં સામેલ કર્યો છે તેમજ ગુજરાતના ૬ શહેરોને સ્માર્ટસીટી મિશન યોજનામાં સામેલ કર્યા છે. આથી કેન્દ્ર સરકારના હકારાત્મક વિકાસલક્ષી અભિગમને લીધે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇના નેતૃત્વમાં ગુજરાતે વિકાસનાં નવા શિખરો સર કર્યા છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા.૦૫.૧૧.૨૦૧૭

---

**પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ'' ખાતે રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ડૉ. અનિલજી જૈનની સવિશેષ ઉપસ્થિતિમાં અને પ્રદેશ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં આવતીકાલે સવારે ૧૦.૩૦ કલાકે પ્રદેશ યુવા મોરચા ની બેઠક**

---

પ્રદેશ મીડિયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે આવતીકાલ સવારે ૧૦.૩૦ કલાકે રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ડૉ. અનીલજી જૈનની વિશેષ ઉપસ્થિતિમાં અને પ્રદેશ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ'' ગાંધીનગર ખાતે યુવા મોરચા ટીમની બેઠક મળશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ